ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# સેક્ટર-૧૧ના વાણિજ્યિક સંકુલોમા સરકારનું લૉકડાઉન

## ચિનગારી કોઈ ભડકે તો ફાયર બ્રિગેડ આગ બુઝાયે, અગ્નિશમન તંત્ર જ આગ લગાડે તો કોણ બુઝાવે ? : ગાંધીનગરના વેપારીઓનો સળગતો પ્રશ્ન

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના વેપારીઓમાં વિરોધની જ્વાળા ફાટી નીકળી છે, અને આ અગનજ્વાળા લાગવાનું કારણ પણ અગ્નિશમન તંત્ર જ છે...!ગાંધીનગરના મુખ્ય વાણિજ્યિક વિસ્તાર એવા સેક્ટર-૧૧ માં ગાંધીનગરના અધિકૃત વાણિજ્યિક ભવનનો આવેલા છે. જુના ગાંધીનગરમાં-મુખ્ય ગાંધીનગરમાં અધિકૃત કહી શકાય એવા માત્ર આટલા જ બહુમાળી કોમર્શિયલ બિલ્ડીંગ્સ છે. આ બિલ્ડિંગ્સ પાસે ફાયર એન.ઓ.સી. નહીં હોવાથી ગાંધીનગરના ફાયર બ્રિગેડ તંત્રએ આ બિલ્ડિંગ્સમાં અસ્તિત્વ ધરાવતા દુકાનો, ઓફિસો, જીમ, ક્લાસીસ, લાઈબ્રેરી, મીઠાઈ શૉપ, શો-રૂમ વગેરેને વ્યક્તિગત રીતે સીલ મારી દીધાં છે.

**સમયસર**

ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટકર્તાઓના આદેશ અનુસાર ફાયર બ્રિગેડે જરાય શાલીન રહ્યા વિના ભલભલા સુમનને મુરજાવી નાખ્યા છે... હવેલીઓ પર પણ તાળાબંધીનો અભિષેક કર્યો છે..! ગાંધીનગરના સ્થાનિક વહીવટકર્તાઓના આવા કડક પગલાંથી ગાંધીનગરના વેપારીઓમાં આક્રોશની આગ ફાટી નીકળી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના આદેશથી ગાંધીનગરમાં આવી કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. આવા કડક પગલાં રાજ્યમાં અન્ય ક્યાંય નથી લેવાયા. ગાંધીનગરના વેપારીઓએ આ અંગે મહાનગરપાલિકાના રાજકીય નેતાઓ સમક્ષ રજૂઆત કરી... તો વૃક્ષારોપણ, રાહત કામો, માસ્ક વિતરણ કે સન્માન સમારંભોને કારણે સતત છાપાંઓમાં છવાયેલા રહેતા નેતાઓએ જાતે કંઈ કહેવાને કે કરવાને બદલે પોતાના મોઢા પર જ સીલ મારી દીધાં અને આગળ ધરી દીધા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને...! આમ તો કંઈ જ નહીં કહેવા અને નહીં કરવા માટે જાણીતા મ્યુનિસિપલ કમિશનરે કોર્ટના આદેશની આડશ લઈ લીધી, કોર્ટના આદેશ અનુસાર ફાયર એન.ઓ.સી. સિવાયના બિલ્ડિંગોને સીલ મારવાનું શરૂ કરાયું છે, એવું મ્યુનિસિપલ કમિશનર કહી રહ્યા છે.

ફાયરસેફ્ટી જરૂરી જ નહીં અનિવાર્ય છે. તમામ બિલ્ડિંગ્સ પાસે ફાયર એન.ઓ.સી. હોવું જ જોઈએ એ નિર્વિવાદ છે. ખરેખર તો સરકારી તંત્ર બિલ્ડીંગ યુઝ એટલે કે બી. યુ. સર્ટિફિકેટ આપે ત્યારે ફાયર એન.ઓ.સી. હોય તો જ સર્ટિફિકેટ આપવુ જોઈએ, પરંતુ સરકારી વિભાગો વચ્ચે આવા આદર્શ સંકલનની અપેક્ષા રાખવી ઘણી વધારે પડતી છે. એમાં વળી કરપ્શન તો સૌથી મોટું કારણ... આવામાં ફાયર એન.ઓ.સી.ને કોણ સાંભરે..???

વેપારીઓ પણ જ્યાં સુધી પગ નીચે રેલો ન આવે ત્યાં સુધી પાટલૂન ઉંચી નથી લેતા.! અગ્નિશમન તંત્રે અગાઉ અનેક નોટિસો આપી હશે પણ બધી ઘોળી ઘોળીને પી ગયા અને હવે સીલ વાગ્યા ત્યારે કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યા છે. કેટલીક બિલ્ડિંગોના સંચાલકોએ તો ફાયર એન.ઓ.સી. લેવા મેઈન્ટેનન્સના ફંડફાળા ઉઘરાવવાનું શરૂ કર્યું છે... વેપારીઓ પણ પોતાની જગ્યાને સીલ ના વાગે ત્યાં સુધી સળવળે છે જ ક્યાં ?

આગ લાગી છે ત્યારે જ કૂવો ખોદવા નહીં, કુવો શોધવા નીકળ્યા છે સઘળાં...!!! એક-બે દિવસમાં ફાયર એન.ઓ.સી. કોણ મેળવી આપે ? આવો ચમત્કાર કેવી રીતે થાય ? એવી જાદુઈ લાકડી કોની પાસે છે જેનાથી લાગેલાં તાળાં ખુલી જાય ? ગાંધીનગરના વેપારીઓ પણ હોશિયાર છે. ઊંટે કાઢ્યા ઢેકા તો તેપણે પણ કાંઠા શોધી જ કાઢ્યા છે.. ! જેણે દાંત આપ્યા છે એ ચાવણુ પણ આપે જ... એ નાતે તાળાં મારવાવાળા પાસેથી જ તાળાં ખોલવાનો કસબ આ વેપારીઓ શીખી રહ્યા છે... એટલે આવનારા નજીકના ભવિષ્યમાં ગાંધીનગરના કોમર્શિયલ કોમ્પલેક્ષના સીલ સીમ-સીમ કરતાં ખુલી જાય તો નવાઈ નહીં...!!!

બાકી અત્યારે તો ગાંધીનગરના વેપારીઓ ધણીધોરી વિનાના આમથી તેમ ભટકી રહ્યાં છે. કોરોનાને કારણે લૉકડાઉન હતું, અનલૉક પછી પણ ધંધા-રોજગાર ખુલવા જોઈએ એટલા અને એવાં ખુલ્યાં નથી, ત્યાં ગાંધીનગરમાં તો સરકારે સ્વયં તાળાં મારી દીધાં.

ગાંધીનગર પાસે પોતાનો કહી શકાય એવો સશક્ત કોઈ નેતા નથી, એવો અફસોસ વેપારીઓ કરી રહ્યા છે. આવા વખતે ગાંધીનગરના નાગરિકોની તકલીફો લઈને કોઈ મુખ્યમંત્રી પાસે કે નાયબ મુખ્યમંત્રી પાસે જઈ શકે અને રજૂઆત કરી શકે એવા કોઈ નેતા આ નગરમાં નથી એનો વસવસો નાગરિકો કરી રહ્યા છે... અગ્નિશમન વિભાગે જ આગ લગાડી છે ત્યારે આ સ્થિતિમાં વેપારીઓ પૂછે છે કે જાયેં તો જાયેં કહાં...???

# ઠંડા પવનોથી ગાંધીનગર ઠંડુગાર

## એક દિવસમાં પારો અઢી ડીગ્રી જેટલો ઘટ્યો : લઘુત્તમ તાપમાન ૧૧.૫ ડિ.સે. નોંધાતા દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી

ગાંધીનગર, તા. ૧૭

માવઠાના વાદળો હટતાં જ આકરી ઠંડીએ જમાવટ કરી છે. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી જેટલુ ઘટી ગયુ હતુ. વળી ઠંડા પવનો ફુંકાતા શહેરીજનો ટાઢમાં ઠુંઠવાયા હતા.

ગયા અઠવાડિયે વરસાદી માહોલ છવાયો હતો. કેટલાક સ્થળોએ કમોસમી વરસાદ પણ પડ્યો હતો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ બે-ત્રણ દિવસ આકાશમાં વાદળો છવાયા હતા. જો કે બે દિવસથી વાદળો વિખેરાતા જ ઠંડીનો કહેર જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન હજુ ગઈકાલે ૧૪ ડિગ્રી હતુ જે એક જ દિવસમાં અઢી ડિગ્રી જેટલુ ઘટીને ૧૧.૫ ડિ.સે. પર પહોંચી ગયુ છે. ઉત્તર-પૂર્વિય પવનો સતત ફુંકાતા મહત્તમ તાપમાનમાં પણ સારો એવો ઘટાડો થયો છે. મહત્તમ તાપમાન ૨૯ ડિ.સે. સુધી ગગડી ગયુ હતુ. જેના કારણે દિવસે પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવાની ફરજ પડી હતી. સુસવાટા મારતા ઠંડા પવનોએ જનજીવન પર ઘેરી અસર કરી છે.

વહેલી સવારે પવનની ગતિ વધુ તેજ રહેતા ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની રહ્યું છે. સામા ફુંકાતા પવનોના કારણે ઠંડી ખુબ જ લાગે છે. ઘરના બારી-બારણા મોડે સુધી બંધ રાખવા પડે છે. ઘરમાં પણ મોજા અને ચંપલ પહેરવા પડે તેવી ઠંડી લાગે છે. વડીલો અને બાળકોને તો આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરાવવા પડે છે. છેલ્લા બે દિવસથી ઠંડા પવનો ખુબ ફુંકાય છે જેના કારણે ઘરની



બહાર નીકળવુ મુશ્કેલ બની રહ્યુ છે. સાંજના સમયે ઠંડી વધતા જ વસાહતીઓ ઘરમાં પુરાઈ જાય છે. સેક્ટરોના આંતરિક માર્ગો પર અવરજવર સાવ ઓછી જોવા મળે છે. નવ વાગ્યાની આસપાસ તો સેક્ટરોના આંતરિક માર્ગો એકદમ સુમસામ બની જાય છે. ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ વધ્યુ છે. બરફ વર્ષા પણ થઈ છે જેના કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી રહી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં હજુ ઠંડી ખુબ વધશે તેવી આગાહી કરી છે. ગુજરાતમાં કેટલાક સ્થળોએ ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે જવાની સંભાવના છે.

# સેકટરોમાં પેવર બ્લોકની યોજના સોસાયટીના માર્ગો માટે ખતરારૂપ

## ઘર આંગણે દબાણો પણ વધી રહ્યા છે : પેવર બ્લોકની અણઘડ કામગીરીના લીધે આંતરિક રસ્તાઓ નિચાણમાં ગરકાવ થઇ ગયા : પેવર બ્લોકના અંતે જગ્યા પર કબજો જમાવી લેતા રહીશો દબાણો ઉભા કરતા હોવાનો સુર

ગાંધીનગર તા ૧૭

શહેરના સેકટરોમાં છેલ્લા કેટલાક સમયથી પેવર બ્લોક મુકવાની યોજના ઉત્સાહથી અપનાવામાં આવી છે પરંતુ પેવર બ્લોકની કામગીરીમાં નિયમો ન જળવાતા સેકટરોના આંતરિક માર્ગો નિચાણમાં ગરકાવ થઈ ગયા છે.જયારે પેવર બ્લોકની કામગીરીના અંતે રહીશો જગ્યા પર કબજો જમાવી લેતા સેકટરોના આંતરિક વિસ્તારમાં દબાણની સમસ્યા પણ પેચીદી બની રહી છ.

શહેરના સેકટરોમાં પેવર બ્લોક નાંખવાની કામગીરી માર્ગો માટે જોખમી બની છે. જયારે પેવર બ્લોકના લીધે દબાણની સમસ્યા પણ ધીમે ધીમે માથુ ઉંચકી રહી છે. સેકટરોમાં રહીશોએ તેમના ઘર પાસે પેવર બ્લોકનુ કામ કરાવવા ઉત્સાહ દાખવ્યો છે. કોર્પોરેશનના સહયોગથી હાથ ધરાતી પેવર બ્લોકની કામગીરીમાં મહાનગરપાલિકા પણ ખર્ચનો હિસ્સો ભોગવતા આ યોજનાને પ્રોત્સાહન મળ્યુ છે. પરંતુ પેવર બ્લોકની કામગીરીમાં નિયમો ન જળવાતા સેકટરોના આંતરિક વિસ્તારમાં રહીશો માટે અનેક પ્રશ્નો ઉભા થયા છે. જેના લીધે સેકટરોના આંતરિક માર્ગોનુ રોડ નેટવર્ક નિચાણમાં ગરકાવ થઈ ગયુ છે. જેથી વરસાદી પાણીનો ભરાવો થતા ટુંકા સમયગાળામાં જ માર્ગોનુ ધોવાણ થાય છે. આવા સંજોગોમાં પેવર બ્લોક કરતી વેળાએ યોગ્ય લેવલીંગ પણ જળવાતુ નથી જયારે પેવર બ્લોકની કામગીરીનુ કોઈ સુપરવિઝન પણ થતુ નથી જેના લીધે સેકટરોમાં આડેધડ પેવર બ્લોક નાંખી દેવામાં આવે છે. સેકટરમાં કોર્નર પરના પ્લોટ માલિકો આસપાસની જગ્યા પેવર

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી રૂપાણી આજે કોરોના અંગે સરપંચો સાથે સંવાદ કરશે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે ગ્રામ પંચાયતોના સરપંચો સાથે તેમના ગામોમાં કોરોનાની સ્થિતિ તેમજ તેની વિવિધ ગાઈડલાઈનને લઈ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કરશે.

કોરોના મહામારીમાં હવે કેસોની સંખ્યા રાજ્યમાં ઘટવાનો ટ્રેન્ડ શરૂ થયો છે ત્યારે રાજ્યના ૮ જિલ્લાઓમાં જે રીતે કેસો મળ્યા છે તેને લઈ તેઓ સરપંચો સાથે સીધો સંવાદ કરવાના છે.

રાજ્યના મુખ્યમંત્રીએ આજે તેમના નિવાસસ્થાને પશુપાલકો સાથે વાતચીત કરી હતી. એક તરફ પંચાયતની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી દ્વારા સરપંચો સાથે આજે યોજાનારા સંવાદના કાર્યક્રમને લઈ પાટનગરના રાજકીય વર્તુળોમાં રાજકીય પ્રવાહો ઉત્તેજીત બની વહી રહ્યા છે. રાજ્યના મુખ્યમંત્રીના નિકટવર્તી વર્તુળોમાંથી મળતી વિગતો પ્રમાણે તેઓ ૧૦ થી વધુ સરપંચો સાથે સીધી વાત કરી ગ્રામજનોની સ્થિતિ અને કોરોનાની સ્થિતિ અંગે સંવાદ કરશે. આ સંવાદ વેબેક્ષના માધ્યમથી થશે અને જે માટે ડીએસટીની ટીમો પણ ખાસ તૈનાત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ સંવાદ કાર્યક્રમ અંગે તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. દરેક જિલ્લામાં આ કાર્યક્રમ યોજાવાનો હોવાથી કોરોના પ્રોટોકોલનું પાલન થાય તે માટે તંત્રએ વિશેષ કાળજી લીધી હોવાનું જાણવા મળેલ છે.

# જિલ્લામાં ૪૮ નવા કેસ : ૮૫ને ડિસ્ચાર્જ

## ગાંધીનગર તાલુકાના કુડાસણમાંથી ૬, કોલવડામાંથી 3 કેસ સહિત ૨૦ કેસ નોંધાયા : માણસામાં ૨, દહેગામમાં ૪ કેસ અને કલોલમાં 3 કેસ નોંધાયા : સે. ૨ અને 3 માં 3-3 કેસ સહિત ૧૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં આજે એક જ દિવસમાં ૮૫ દર્દીઓ કોરોનાથી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જે આ મહિનામાં રિકવર થયેલા દર્દીઓની સંખ્યામાં સૌથી વધુ છે.

છેલ્લા બે દિવસથી જિલ્લાના રિકવરી રેટમાં ભારે સુધારો જોવા મળ્યો છે. હોસ્પિટલમાં એડમીશન રેટ પણ ઘટવા પામ્યો છે. આ ઉપરાંત કોરોનાના ચેપરેટમાં પણ ઘટાડો થયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાંથી આજે જે ૮૫ દર્દીઓ રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવ્યુ છે તેમાં ગ્રામ્ય વિસ્તારના ૬૦ દર્દી અને ગાંધીનગર શહેરના ૨૫ દર્દીનો સમાવેશ થાય છે. રિકવરી રેટમાં આવેલા સુધારાને પગલે તંત્રને પણ થોડીક રાહત જરૂર થઈ છે.

જિલ્લામાં આજે કોરોનાના વધુ ૪૮ કેસ મળી આવ્યા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ૨૯ અને ગાંધીનગર શહેરના ૧૯ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. આજે નોંધાયેલા ૨૯ કેસમાંથી ૨૦ કેસ ગાંધીનગર તાલુકાના છે. જ્યારે દહેગામમાં ૪ કેસ, માણસામાં ૨ કેસ અને કલોલમાંથી ૩ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તાલુકાના કુડાસણ ગામેથી આજે ૬ કેસ મળી આવ્યા છે. તો કોલવડામાંથી ૩ કેસ મળી આવ્યા છે. ભાટમાંથી પણ બે કેસ મળી આવ્યા છે.

આ ઉપરાંત તાલુકાના ડભોડા, રૂપાલ, કોબા, રાયસણ, ઝુંડાલ, ખોરજ, સરગાસણ, ઈસનપુર મોટા અને લીમ્બડિયા ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકાના વાસણા સોગઠી, કડજોદરા, હાથીજણ અને નાંદોલ ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકાના અંબોડ અને રિદ્રોલ ગામેથી પણ કેસો મળી આવ્યા છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકાના છત્રાલ ગામેથી એક કેસ મળી આવેલ છે. અર્બન-૧ વિસ્તારમાંથી ૮ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો અર્બન-૨ વિસ્તારમાંથી પણ એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ ૮૫ ટકાની આસપાસ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. આજે ૬૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૩૫૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે પણ ૨૨૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારના ૧૧,૧૦૬ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જો કે જે રીતે મહિલાઓ સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં કોરોનાના કેસો જુદા જુદા સેક્ટરોમાંથી છુટા છવાયા મળવાના શરૂ થયા છે. જો કે સંવેદનશીલ વિસ્તાર તરીકે ઓળખાતા સેક્ટરોમાંથી જે રીતે કેસો મળી રહ્યો છે તેને પણ તંત્રની ચિંતા વધારી છે.

આજે શહેરમાં નોંધાયેલા ૧૯ કેસમાંથી ૩ દર્દીઓને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરમાં આજે જે ૧૯ કેસ નોંધાયા છે તેમાં ૧૦ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

આજે સંક્રમિત થનારાઓમાં બે શિક્ષિકા, સીવીલ ઈજનેર, ઉદ્યોગભવનનો કર્મયોગી, ડીએસપી ઓફિસનો કર્મયોગી, ટીસીએસનો પ્રોજેક્ટ મેનેજર, ખાનગી કંપનીના મેનેજર અને ખોરાક ઔષધ નિયમન તંત્રના કર્મયોગીનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા ૧૯ કેસમાં સે. ૨ અને સે. ૩ માંથી ૩-૩ કેસ, સે. ૧, ૫, ૭ અને સે. ૨૨ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨૯, ૧૬, ૪, ૨૮, ૨૭ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને રાહત છે. શહેરમાં હાલ ૨૪૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# ગુડાના ભ્રષ્ટ વહીવટનો ચિતાર એટલે પંડિત દિનદયાળ આવાસ યોજના

## ગુડાના આવાસોને ભ્રષ્ટાચાર અને ભેજ ભરખી ગયો : ઓછી આવક ધરાવતા પરિવારજનોએ ખર્ચેલા પૈસા પર પાણીઢોળ



ગાંધીનગર તા ૧૭

ગુડાની રાયસણ સ્થિત એલ આઈ જી આવાસ યોજનાના બ્લોકનં ૩૫૨ના મકાનો ખંડેર બન્યા છે. ગુડા દ્વારા કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા આવાસોની જાળવણી કરવામાં આવતી નથી જયારે અત્યાર સુધી જાળવણીની જવાબદારી નિભાવતી એજન્સી સાથે પણ ગુડાના અધિકારીઓની સાંઠગાંઠથી બધુ બમબમ ચાલતુ હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. ગુડા દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ , ચિલોડા અને અડાલજ ખાતે એલ આઈ જી આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે આવાસોના નિર્માણ બાદ હાલ મકાનોમાં રહીશોનો વસવાટ પણ છે. પરંતુ નવી આવાસ યોજનામાં વસવાટ શરૂ થયા બાદ થોડા સમયમાં જ ભેજ આવતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી જયારે આવાસ યોજનાના ધાબેથી ટાંકીમાંથી સતત પાણી ટપકતુ હોવાના લીધે તમામ મકાનો ભેજયુકત બન્યા છે. આ ઉપરાંત આવાસ યોજનાની લીફટ તો મહીનામાં માંડ ૧૫ દિવસ પણ ચાલુ રહેતી નથી. જયારે સફાઈના નામે પણ મીંડુ ચિતરાયેલુ જોવા મળે છે. આવાસ યોજનાની જાળવણીમાં સદંતર નિષ્ફળ નિવડેલુ ગુડાનુ તંત્ર હવે ભાડુઆતો પર જોર કાઢે છે. કોરોનાના કપરા સમયમાં એકબાજુ પ્રધાનમંત્રીએ ભાડુઆતોને મકાન ખાલી ન કરાવવા માટે સલાહ આપી છે ત્યારે નજીવા ભાડાના દરે ગુડાના આવાસોમાં આશ્રિત બનેલા જરૂરિયાતમંદોને હવે ગુડાએ નિશાન બનાવ્યા છે. એક બાજુ ગુડાના આવાસોની જાળવણીના મામલે ભરપુર ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે આવાસોની ફરિયાદો દુર કરવા માટે કાર્યરત એજન્સી પણ રહીશોના કામ અધુરા મુકીને પલાયન થઈ જાય છે. ગુડા દ્વારા હજુ પણ નવા આવાસો બાંધવાની યોજના હાથ ધરવામાં આવનાર છે. ત્યારે ગુડાની આ આવાસ યોજના અન્વયે રહીશો દુવિધાના દંગલ વચ્ચે વસવાટ કરી રહ્યા છે. પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારતના અભિયાનનુ પણ અધિકારીઓએ સુરસુરિયુ કરી દીધુ છે. ગુડાની આવાસ યોજનાના સંકુલ તેમજ બહારના વિસ્તારમાં પણ ગંદકીના થર જામ્યા છે. જેના લીધે રહીશો ઉકરડા વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ બધી જવાબદારીમાંથી હાથ ઉંચા કરીને હવે ગુડાનુ તંત્ર કોરોનાના કપરા કાળમાં ભાડુઆતો માથે બંધુક તાંકીને બેઠુ છે. ગુડાના અધિકારીઓ પણ આ મામલે આડકતરી રીતે ઉપરી અધિકારીઓ પણ દોષનો ટોપલો ઢોળે છે. જયારે હાલના આ સમયમાં આ ભાડુઆતો પણ મકાન ખાલી કરીને કઈ દીશામાં જાય તે પણ તેમના માટે મુંઝવણનો વિષય બન્યો છે.

**એકબાજુ પ્રધાનમંત્રીએ કોરોના કાળમાં ભાડુઆતોને મકાન ખાલી ન કરાવવા માટે અપીલ કરી છે ત્યારે આવાસોની જાળવણીમાં સદંતર નિષ્ફળ ગુડાનુ તંત્ર જરૂરિયાત મંદોને ટાર્ગેટ કરી પરેશાન કરે છે : ટુંકા સમયગાળામાં જ આવાસોમાં ભેજ આવતા દિવાલમાંથી પોપડા પડે છે : લીફ્ટ પણ બંધ હાલતમાં : આવાસ યોજનામાં રહેતા મુળ મકાન માલિકો પણ દયાજનક હાલતમાં : પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત અભિયાનના પણ લીરા ઉડે એટલી ગંદકી થર જામ્યા છે : ગુડાની ભ્રષ્ટ નીતિ સ્પષ્ટ થતા રહીશો આગ બબુલા**

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની સ્થાયી સમિતિની ૧૯મીએ મહત્વની બેઠક મળશે

## ૧૫ કરોડના ખર્ચે અન્ડર ગ્રાઉન્ડ ડસ્ટબીન પ્રોજેક્ટ પર નિર્ણય કરાશે : મેયરની ગ્રાન્ટમાંથી આઈસીયુ ઓન વ્હીલ્સની દરખાસ્ત વધુ એક વખત સ્થાયી સમિતિના એજન્ડામાં દર્શાવાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક ૧૯મીના રોજ મનપા ખાતે સ્થાયી સમિતિના સભાખંડમાં મળશે.

દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે મળનારી આ સ્થાયી સમિતિની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આનવશે. આ બેઠક માટે ૧૧ જેટલા મુદ્દાઓનો સમાવેશ કરી એજન્ડા જારી કરવામાં આવ્યો છે.

આ બેઠકમાં મનપા દ્વારા ચ-૦ ખાતે ૩૦ મીટર ઊંચો ફલેગ પોલનુ કામ જે ચાલુ થઈ ગયુ છે તેનો વર્ક ઓર્ડર આપવા સહિતની બાબતનો નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં પ્રવેશ વખતે સ્વાગત કરતુ બોર્ડ માટેની ટેન્ડર પ્રક્રિયા પછી વર્ક ઓર્ડર આપવા અંગેનો પણ નિર્ણય કરવામાં આવનાર છે. આ બોર્ડ પાછળ ૬૩ લાખથી વધુ ખર્ચ કરવામાં આવનાર છે.

ગાંધીનગર મનપામાં ઉત્પન્ન થતા ઘન કચરાના કલેક્શન માટે સ્માર્ટ અન્ડરગ્રાઉન્ડ ડસ્ટબીન સિસ્ટમ નાખવા પાછળ રૂ. ૧૫ કરોડથી વધુ રકમનો ખર્ચ કરાશે. આ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે હવે એસ-૧ આવેલ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com